શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૧૮
અંક : ૧૦

## બાળકનું વર્તન

આ વાત આપણા એક શિક્ષણ સંવર્ધન વર્ગની છે. શરૂઆતમાં જયારે વર્ગ શરૂ થયો ત્યારે તેમાં નોંધાયલા બાળકો પૈકી ડી ગૃપનો એક વિદ્યાર્થી વર્ગમાં લગાતાર એક અઠવાડીયું આવ્યો જ નહી. તેને તથા તેમના વાલીને મળીને આ વર્ગમાં આવવા સમજાવ્યું પણ તે આવતો જ નહી જેથી સંસ્થાના કાર્યકર એવા વર્ગના શિક્ષકે રોજ એના ઘરે જઈ વર્ગના સમયે તેને વર્ગમાં સાથે લઈ આવવાનું શરુ કર્યુ. જેનાથી પ્રેરાઈને તેના મમ્મી મુકવા આવતા થયા. તેના મમ્મીને દરવાજા સુધી તે જાય ત્યાં સુધી જોતો રહેતો હતો. આ વર્ગમાં શીખવાની પ્રક્રિયાથી અજાણ આ વિદ્યાર્થી જયારે એ વર્ગમાં આવે એટલે લાંબો થઈને બેસી જતો, બીજા વિદ્યાર્થીને પરેશાન કરતો જેથી કોઈ વિદ્યાર્થી તેની પાસે બેસે નહી તેવુ બનતું. સાથે સાથે તે તમાકુવાળા પાન માવા અને ગુટખા પણ ખાતો હતો.

આ વર્ગમાં જુથમાં બેસીને શીખવાનું હોય જેથી તે પોતાના જુથના વિદ્યાર્થીઓના પરિચયમાં આવતા અને પોતાના કરતા જુથના અન્ય વિદ્યાર્થીઓ વાંચન, લેખન અને ગણિતમાં પોતાના કરતા વધારે હોંશીયાર હોય તેવું તેને લાગ્યા કરતુ તેથી તેણે આ બાબતે શિક્ષકને જણાવ્યું તો શિક્ષકે તેને કહયુ કે તું પણ બીજા વિદ્યાર્થીઓથી પણ વધુ હોંશીયાર બની શકે જો વર્ગમાં નાહી ધોઈ સ્વચ્છ કપડા પહેરીને આવ, માવા ગુટકા ખાવાનું બંધ કરી દે અને નિયમિત વર્ગમાં આવવાનું શરુ કરી દે. આમ, સમયાંતરે સંવાદ ચાલતા રહયા આ વિદ્યાર્થીને વર્ગમાં પોતાના જુથના બાળકો ગમવા લાગ્યા તેની સાથે વાતો કરવા લાગ્યો અને પોતાને આવડતું નહોતુ તે શીખવા લાગ્યો.

હવે એ રોજ વર્ગનાં સમય પહેલા આવી જાય છે. વર્ગમાં સૌથી પહેલા આવીને દરવાજા ખોલીને બેસી જાય છે. બધાને સમયસર આવવાની વાતો પણ કરે છે. શરુઆતમાં તેને પોતાનું નામ લખતા પણ ન્હોતુ આવડતુ પણ હવે પોતાના નામ સાથે બીજાના નામ પણ લખી શકે છે. પહેલા તે ૨૦ એકડા જ બોલતો અને લખતો હવે તે ૫૦ સુધી ગણી શકે છે. કલમની તેનામાં સમજ આવી છે. તેના ગૃપનાં બાળકો હવે તેને પાસે બેસાડીને શીખવે છે.

– હિરલ ગોસાઈ

**નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.**

## સ્ટોન સુપ-એક સુંદર પ્રેરક લોક કથા

એક માણસ કંઈ કેટલાય સમયથી પ્રવાસે નીકળી પડયો હતો. લાંબા પ્રવાસથી એ ખુબ થાકી ગયો હતો. એની પાસે ખાવા માટે કશુ જ બચ્યુ ન હતુ. જેમ તેમ ચાલતા ચાલતા એ મોડી સાંજે એક નાનકડા ગામમાં પહોચ્યો. એને થયુ, આ ગામમાં કંઈક તો એવુ હશે જે મને ખાવાનું આપે. ગામના પહેલા ઘર આગળ એ થોભ્યો અને ઘરનું બારણું ખખડાવ્યુ. એક સ્ત્રીએ બારણું ખોલ્યુ. "તમારી પાસે બટકુ રોટલો હોયતો મને આપશો ? હું બહુ દુરથી આવુ છું અને ખુબ ભુખ્યો છું" પ્રવાસીએ કહ્યુ. "માફ કરો. મારી પાસે તમને આપવા માટે કશુ જ નથી" પેલી સ્ત્રીએ જવાબ આપ્યો અને ધડ દઈને બારણુ બંધ કરી એ ઘરમાં ચાલી ગઈ. પ્રવાસીએ બાજુના ઘરનું બારણું ખખડાવ્યુ. ત્યાં પણ એજ જવાબ મળ્યો. એમ ને એમ એ કેટલે ઘેર ફરી વળ્યો. બધાએ એને ખાલી હાથે ધકેલી દીધો. ત્યાં એને એક ગ્રામવાસી મળ્યો. એણે કહયું ભાઈ, મારી પાસે ખાવામાંતો કશુ નથી. પણ ઘરમાં થોડુ પાણી છે. એ પાણીનો આપણે સુપ બનાવીશુ. આપણે "સ્ટોન સુપ" બનાવી શકીએ. પ્રવાસીએ સ્મિત કરતા કહયુ. તમે સુપ બનાવવા માટે એક વાસણ આપો. પછી પ્રવાસી થોડુક બળતણ ભેગુ કરી ચુલો પેટાવ્યો અને એના પર પાણી ઉકળવા મુકયુ. ત્યાંથી જતા આવતા લોકો એને પુછવા લાગ્યા, "તમે શું કરો છો ?" "સુપ બનાવુ છું" પ્રવાસીએ કહયું. તમે સુપ બનાવવા લાગશો ? આતુરતાથી પ્રવાસીએ પુછયુ. મારી પાસે એક ખાસ પથ્થર એને પાણીમાં મુકવો પડશે. એ જાદુઈ પથ્થર છે! એમ કહી એણે પોતાના થેલામાંથી કપડામાં વિટાળેલો પથ્થર બહાર કાઢયો. એની પાસે આ પથ્થર વર્ષોથી હતો. એણે એ જાદુઈ પથ્થરને વાસણમાં ઉકળતા પાણીમાં મુકયો. ધીમે ધીમે લોકોમાં વાત ફેલાઈ કે એક અજાણ્યો પ્રવાસી પથ્થરનો સુપ બનાવી રહયો છે! લોકો તો એ જોવા માટે પ્રવાસી સુપ બનાવતો હતો ત્યાં જવા લાગ્યાં.

તમારા આ પથ્થરના સુપનો સ્વાદ કેવો હશે ? એક માણસે પુછયુ. એમાં જો થોડીક ડુંગળી નાખીએ તો કેમ ? સુપ વધારે સારો નહી લાગે? તમારી વાત ખરી છે. પ્રવાસીએ જવાબ આપ્યો. મારી પાસે થોડીક ડુંગળી છે તે હુ લઈ આવુ. બીજાએ કહયું મારી પાસે ગાજર છે તે હું લઈ આવું. મારા વાડામાં બટાટા થયા છે તે હું લઈ આવુ. એક પછી એક ગ્રામ વાસી કંઈને કંઈ લઈ આવ્યા અને સુપના વાસણમાં નાંખવા લાગયા. જે વાસણમાં પહેલા થોડુક પાણી અને પથ્થર જ હતા. તેમા હવે જુદા જુદા શાક ભળતા એમાંથી સ્વાદિષ્ટ સુપ તૈયાર થયો અને આખા ગામના માણસોને એ સુપ ખાવા મળ્યો બધા લોકોએ ભેગા મળી સરસ સુપ બનાવવાનો ચમત્કાર કર્યો હતો! (ઈન્ટરનેટ પરથી)

**સમયની પહેલાં અને તકદીરમાં હોય તેથી વધુ કે ઓછું કોઈને મળતું નથી.**

## વ્યસન

મિત્રો....

વ્યસનને આપણે મોજ શોખનું સાધન બનાવી દીધું છે. આપણા સમાજની કે આપણાં વહાલા બાળકોની પરવા કર્યા વિના આપણે વ્યસનમાં ગળાડુબ રહીએ છીએ. મિત્રો દુ:ખની વાત તો એ છે કે નાના–નાના બાળકો ને વ્યસનના શિકાર બનાવીએ છીએ અને એની જીંદગી બરબાદ કરી રહયા છીએ. માટે વ્યસનથી આપણે હંમેશા દુર રહીએ અને આપણાં વહાલા બાળકોને પણ દુર રાખીએ. ધન્યવાદ !

બીજું મોટુ ચિંતાનું કારણ એ છે કે શાળામાં જે શિક્ષકો વિદ્યાર્થીને, બાળકોને ભણાવી રહ્યા છે તે બાળકોના ગુરુ છે અને તેમને ગુરુનું મોટુ પદ આપવામાં આવ્યું છે, તે જ ગુરુ શિષ્યોની સામે વ્યસનનું પાન કરે તો, એ સ્વાભાવિક છે કે એ સંસ્કારો શિષ્યમાં આવે છે. બાળકોની સામે ગુટકા, તમાકુ, માવા વગેરે કેફી પદાર્થોનું સેવન ન થવું જોઈએ અને જો થાય તો આપણે ઈશ્વરનાં ગુનેગાર છીએ. વડીલો, વાલીઓ, વકતાઓ, કલાકારો અને સંતોએ પણ વ્યસન ઉપર પુરો નિષેધ કરવો જોઈએ. કારણ કે આજનો બાળક આવતી કાલનો રાષ્ટ્રનો, દેશનો કે આપણો હિત કર્તા બનશે. સહયોગ આપો એવી આશા સાથે ધન્યવાદ!

– હંસરાજ પેથાણી, ત્રંબોડા
મો.૯૯૭૮૪ ૫૫૧૧૩

## પ્રતિભાવો

ધીરુભાઈ,

ટપકને તમે સરસ રીતે જાળવી રાખ્યુ છે. તેના સાતત્યને માટે માન થાય છે. આધુનિક ટેકનોલોજીનો સરસ ઉપયોગ કરીને તેને લોકો સુધી પહોંચાડવાનું કાર્ય પણ પ્રશંસાપાત્ર છે.

જે. બી. તળાવીયા,
નિવૃત સેલ્સ ટેક્ષ ઓફીસર, અમદાવાદ
તા.૭/૧૦/૧૬

બધા જ લેખ ખુબ સરસ, બાવળ લેખ ગમ્યો, સાધારણ સભાનું કામ ગમ્યુ, એવોર્ડ માટે આપને અને ટીમ ટપકને અને એસએસકેકે તથા સીઈઓને અભિનંદન.

પ્રકાશ ભટ્ટી
(શ્રેષ્ઠ શિક્ષકના માનથી સન્માનિત),
સરંભડા તા.૭/૧૦/૧૬

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

– ટપક ટીમ

**વિદ્યા માનવીના સંસ્કાર સિંચન માટે ચાવીરૂપ છે.**







સ્ટાફ તાલીમ અને પ્રેરણા પ્રવાસ (બીજ મસાલા સંશોધન કેન્દ્ર, જગુદાણ)

**દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.**



સ્ટાફ તાલીમ અને
પ્રેરણા પ્રવાસ,
આબુ—અંબાજી

કૃષિધન કંપની, વડનગર
ગણતર પાટડી અને
એફપ્રોની મુલાકાત







ખેતરમાં ખેડુતોની મીટીંગ

**નશીબના ભરોસે બેસી રહેવું તે કાયરતાની નિશાની છે.**

**લર્નીંગ રીસોર્સ સેન્ટર (એલઆરસી), ઓરીસ્સાની વિઝીટ**

સ્થળાંતરિત પરિવારના બાળકો માટે શિક્ષણનાં મુલ્યને સમજવા તથા એલઆરસીમાં ચાલી રહેલી પ્રવૃતિઓને સમજવા માટે ૨૪/૯/૨૦૧૬ થી ૨૮/૯/૨૦૧૬ એમ કુલ પાંચ દિવસ ઓરીસ્સાનાં નૌપાડા જિલ્લામાં કાર્યરત સંસ્થા લોકદ્રષ્ટી ખાતે એક્સ્પોઝર વિઝીટમાં મને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તરફથી જવાનો મોકો મળ્યો. પાંચ વિદ્યાર્થીઓ અને આ કાર્ય સાથે સંકળાયલી ગુજરાતની પાર્ટનર સંસ્થાઓમાંથી પંદર કાર્યકર્તાઓ આ પ્રવાસમાં જોડાયા હતા.

સ્થળાંતરનુ પ્રમાણ ઘટે તે માટે સીઝનલ હોસ્ટેલ અને લર્નીંગ રિસોર્સ સેન્ટર છેવાડાના વિસ્તાર કે જ્યાં સામાન્ય સુવિધાઓનો અભાવ છે ત્યાં લોકદ્રષ્ટી દ્વારા ચલાવવા આવે છે. ખેતિવાડી તથા ઈંટોના ભઠ્ઠા વગેરેના કામ સાથે સંકળાયેલા કુંટુંબોના સ્થળાંતરનુ પ્રમાણ ખુબ વધારે છે. પોતાના પરિવારના ભરણપોષણ માટે અહીં તહીં ભટકતા પરિવારના બાળકોના શિક્ષણની સ્થિતી કેવી હોય તે સમજી શકાય છે. અહીના આ આદીવાસી વિસ્તારમાં મોટા ભાગના લોકોની આર્થિક સ્થિતી નબળી છે.

સંસ્થાના ડાયરેકટર અવનીજીના જણાવ્યા અનુસાર જાગૃતતા લાવવા માટે તથા શિક્ષણનુ સ્તર ઉંચુ લાવવા માટે પ્રયત્નો કર્યા. પરિણામ સ્વરૂપે હાલમાં ૫ બ્લોકમાં ૩૦ જેટલા એલઆરસી તથા ૧૨૦ થી પણ વધારે સીઝનલ હોસ્ટેલ કાર્યરત છે.

એલઆરસી અને લર્નીંગ એનરીચમેંટ પ્રોગ્રામ (એલઈપી)ની મુલાકાત લીધી. જેમાં બાળકોને ખુલ્લુ વાતાવરણ મળે છે. બાળકો રમતા રમતા શીખે છે. અહીં વિદ્યાર્થીઓને ગૃપ એકટીવીટી, રંગોમેટ્રી, વિજ્ઞાનનાં પ્રયોગો, વાર્તાઓ, તેમજ ચિત્રોના માધ્યમથી વિવિધ પધ્ધતિઓથી અવનવી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે જેથી ભણવાના વિષયો સહેલા લાગે અને બાળકોમાં માનસીક અને શારિરીક વિકાસ થાય, એકતાની ભાવનાથી એકબીજાને મદદ કરે, ભેદભાવ દુર થાય, બુધ્ધિક્ષમતા અને આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા પ્રયત્નો જોવા મળ્યા હતાં.

જ્યાં શાળાની અંદર ભણવા માટે ઓરડાઓ નથી ત્યાં ગામલોકો ઓરડાની વ્યવસ્થા કરી આપે છે અને જરૂરી ફંડ પણ એકઠુ કરી આપે છે. ગામ લોકોની ભાગીદારી બની છે.

– હીરલ ગોસાઈ

**રમુજ એક થેરાપી**

ગટુ : મારી પત્નીની યાદશકિત ભયંકર ખરાબ છે.

નટુ : કેમ ? એને કશુ યાદ જ નથી રહેતુ કે શું ?

ગટુ : ના, યાર. એને બધુ જ યાદ રહે છે.

**આશા એક શમણાં જેવી છે, જે ભાગ્યે જ ફળે છે.**

## ટકાઉ ખેતી

દોસ્તો આ અંકમાં આપણે થોડી પીયત અને સુરક્ષા માટે વાતો કરીએ. લગભગ આપણા વિસ્તારમાં મેઘરાજાએ વિદાય લઈ લીધી છે. મગફળીનો પાક લેવાય ગયો છે પરંતુ કપાસમાં આપવાના પિયતની વિગતે વાતો કરીએ.

કપાસના પાકમાં પિયતની કાળજી ખૂબ જરૂરી છે. કપાસની ઉત્તમ પધ્ધતિ ટપક છે જે ખેડૂત પાસે ટપક પધ્ધતિ છે તે લોકોએ ટપકથી જ પિયત આપવુ અને જે ખેડૂતોને ટપક પિયત વસાવવુ હોય તેમણે સોરઠ કંપનીનો સંપર્ક કરવો. ખેડૂત મિત્રો જો આપ નીક પાળા પધ્ધતિથી પિયત આપતા હોય તો માત્ર એક પાટલે પિયત આપવુ. જો એક પાટલે પિયત આપવામાં આવેલ હશે તો ફુલ ભમરીનુ ખરણ ઓછુ થશે તેમજ રોગ જીવાતનો એટેક ઓછો થશે તેમજ કપાસની ગુણવત્તામાં સુધારો થશે અને મહામુલા પાણીને બચાવી શકાશે તો મિત્રો ભૂલ્યા વગર એક પાટલે પિયત આપવુ ખૂબ જરૂરી છે. દોસ્તો યુરીયા ખાતરની પણ વાત કરી લઈએ તો યુરિયા ખાતર ઓછા જથ્થામાં અને વધારે હપ્તામા આપવુ જરૂરી છે તેમજ કપાસમાં પિયત આપ્યા બાદ જ યુરિયા ખાતર આપવુ. મિત્રો કપાસમાં ડી.એ.પી. જેવા ખાતરને પાયામા જ આપવુ પાળા બનાવતી વખતે આપવુ જરૂરી નથી જેની ખાસ નોંધ લેજો, કપાસની ઉંમર ૮૦ દિવસથી વધારે થઈ ગઈ છે જેથી કપાસની ટોચ કાપવી.

મિત્રો, સુરક્ષાની વાત કરીએ તો તેમાં ખેડૂત અને મજૂર બંનેની સુરક્ષાની બાબતો છે. મોટા ભાગે દવાઓ છાંટવામાં ભૂલો થતી હોય છે તો નીચેની બાબતો સમજવી જરૂરી છે.

૧. દવાઓ મિશ્રણ કરતી વખતે યોગ્ય સાધનોનો ઉપયોગ કરવો

૨. દવા છાંટતી વખતે મોઢા પર રૂમાલ બાંધવો.

૩. બે થી વધારે દવાઓનુ મિશ્રણ કરવુ નહિ.

૪. વહેલી સવારે અથવા બપોર પછી જ દવાનો છંટકાવ કરવો.

૫. દવા છાંટીને સાબુથી શરીરને સાફ કરવુ.

૬. દવાના ખાલી અને ભરેલા ડબલાને સુરક્ષિત જગ્યાએ જ રાખવા.

૭. દવાઓ બાળકોથી દૂર રાખવી.

૮. દવાઓ ખાદ્ય ચીજો સાથે રાખવી નહિ. દવા છાંટતી વખતે કોઈ પણ ખાદ્ય ચીજો ખાવી નહિ.

ઉપરમુજબ કાળજી રાખીએ તો તંદુરસ્ત જીવન જીવી શકાય માટે દોસ્તો ઝેરના પારખા ના કરાય અને સુરક્ષા એ ખૂબ જ અગત્યનુ પરિબળ છે.

દોસ્તો, કપાસમાં સમયાંતરે ગુલાબી ઈયળની ગૃપવાર દવાઓનો સ્પ્રે તેમજ ૧૩:૦૦:૪૫ ખાતરનો સ્પ્રે દસ દિવસના ગાળે કરતા રહેજો.

ખેડૂત મિત્રો તથા ખેતી સાથે જોડાયેલ તમામને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તરફથી દિવાળી તેમજ નવા વરસના રામ રામ તેમજ શુભેચ્છાઓ.

– ડી.એન.ઝાલા – ૯૮૨૫૪૨૨૨૪૪

**સફળતા મેળવવા ચિંતા નહિ ચિંતન કરો.**

**Happy Birthday**

| | |
|---|---|
| Taruna Sarikhada | 04-11-1994 |
| Dhirajlal Vagadia | 18-11-1961 |
| Mukesh Nagar | 28-11-1991 |

In this month

| | |
|---|---|
| 1 | CEO training on roll and responsibilities, preparation of FPO policy, marketing strategy, record keeping and bussiness plan |
| 2-4 | Training on learning audit, Unnati, Bhachau |
| 5-7 | 3rd party verification of producer unit (INGJ27) |
| 7 | Annual General Meeting-GUJPRO |
| 12 | Workshop on farmers rights at Janvikas |
| 12 | Staff Meeting for half yearly review and planning. |
| 17 | CSPC Partners Meeting for next planning. |
| 19-21 | Staff training cum exposure at Hariraj training centre Amreli, Krushidhan Producer company Vadnagar, Spices Research Centre Jagudan, Ganatar Patadi, AFPRO Malvan and Abu Ambaji. |
| 24 | Module 4 training PU-1 and Ginners meet. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન, તે સુવાસ વિનાના ફુલ જેવું છે.**